بسم اللہ الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.10-02-2017 સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

દુનિયામાં અધિકતર જોવામાં આવે છે કે ઈન્સાન દુનિયાદારીમાં ડુબતો જઈ રહ્યો છે. દુન્યવી વસ્તુંઓની પ્રાપતિ માટે એક પ્રકારનો સંઘર્ષ થઈ રહ્યો છે, એક દૌડ ચાલી રહી છે. ખુદા તઆલાને તથા તેના ધર્મને દ્વિતીય શ્રેણીમાં રાખવામાં આવે છે બલ્કે એવા દીનદાર છે, અને તેમની સંખ્યા વધી રહી છે જે અલ્લાહ તઆલાના અસ્તિત્વના જ ઈન્કારી છે તથા ધર્મને એક વ્યર્થ વસ્તું સમજે છે પરંતુ આ જમાનામાં એવા લોકો પણ છે જે અલ્લાહ તઆલાની શોધમાં છે, જે અલ્લાહ તઆલા તરફ લઈ જનાર ધર્મની ખોજમાં છે, જે અલ્લાહ તઆલા સાથે સંબંધ સ્થાપિત કરવા ચાહે છે, જે સત્યધર્મ તથા દીનને ઓળખવા માંગે છે, સત્યધર્મને ઓળખીને તેમાં સામેલ થવા ચાહે છે, તેના માટે દુઆઓ કરે છે, બેચૈન થાય છે તથા નિઃસંદેહ જ્યારે એક દર્દ સાથે નેક બંદા આ પ્રયાસમાં હોય તો પછી અલ્લાહ તઆલા પણ તેનું માર્ગદર્શન કરે છે, તેમને સીધો માર્ગ દેખાડે છે. વિભિન્ન માધ્યમોથી તેમની સંતુષ્ટિ તથા વાસ્તવિક ધર્મને સમજવાનો સામાન પૈદા કરે છે, તેમના ઈમાન અને જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. આ યુગમાં અલ્લાહ તઆલાની નિકટતા તથા તેના ધર્મને સમજવા માટે અલ્લાહ તઆલાએ પોતાના વાયદા પ્રમાણે આંહઝરત સ.અ.વ.ના સાચા સેવકને મસીહ મૌઊદ તથા મહદી મઅહૂદનો સ્તર આપીને મોકલ્યો અને દુનિયાને કહ્યું કે પોતાની સાચી અને વાસ્તવિક તડપ તથા ઈબાદતોની વાસ્તવિકતાને મેળવો, પોતાની દુઆઓની કબૂલિયતના દ્રશ્ય જુઓ.

હુઝુર અનવર એ ફરમાવ્યું કે અત્રે હું કેટલીક આ પ્રકારની ઘટનાઓ બયાન કરીશ કે કેવી રીતે ખુદા તઆલા કેવળ પોતાની કૃપાથી લોકોની હિદાયતના સામાન કરે છે.

અમીર સાહેબ ગૈમ્બિયા એક ઘટનાનું વર્ણન કરે છે કે નિયા મીના ઈસ્ટ ડિસ્ટ્રિકટના ગામની એક મહીલા સિસ્ટર કાનીફાટી જેમની આયું ૬૫ વર્ષ છે, પાછલા દસ વર્ષોથી પગના રોગમાં ગ્રસ્ત હતી તથા કયાયથીય પણ તેમનો ઈલાજ ન થઈ રહ્યો હતો. આ રોગના કારણે તે ચાલવા ફરવાથી પણ અસમર્થ હતી. ઈલાજ માટે પોતાના ગામથી દુર બનસંગ ઈલાકામાં ગઈ. જ્યાં સંયોગવશ તેમને એમટીએ પર મારો ખુત્બો સાંભળવાનો અવસર મળ્યો. તે મહીલા જ્યારે પોતાના ઘરે પાછી આવી તો સ્વપ્નમાં તેમને જણાવ્યું કે તે ટીવી પર જેને જોયો છે, તેની પાછળ ચાલો કેમકે તે સત્ય અને મુકિતનો માર્ગ તમને બતાવી રહ્યો છે. આમ, તે મહીલાએ સ્વપ્ન પછી બૈઅત કરી લીધી. બૈઅત કરવાની વાર હતી કે તેમના પગનો રોગ ચાલ્યો ગયો, આ રીતે તેમના ઈમાનમાં ખુબ વૃદ્ધિ થઈ તથા તે હવે આખા ગામમાં પ્રચાર કરે છે. લોકોને જણાવે છે કે કેવી રીતે તેનો રોગ અહેમદિયા જમાઅતમાં સામેલ થવાની બરકતથી દૂર થઈ ગયો.

હુઝુર અનવરએ ફરમાવ્યું કે જેને આ પ્રકારે વ્યકિતગત અનુભવ થયો હોય, નિઃસંદેહ તે પોતાના ઈમાનમાં મજબૂતી પ્રાપ્ત કરતો ચાલ્યો જાય છે. મને અનેક લોકો પત્રો લખે છે કે અમોએ જે રીતે અલ્લાહ તઆલા તરફથી સંતોષ મેળવીને તથા નિશાન જોઈને બૈઅત કરી છે, અમોને અમારા ઈમાનથી કોઈ નથી હલાવી શકતો, અમને કોઈ અન્ય પ્રમાણની જરૂર નથી. કેટલાક લોકો વિરોધમાં એટલા વધી જાય છે કે બુદ્ધિમાન લોકોની વાત સાંભળવા જ નથી માંગતા પરંતુ એવા પણ છે જે અહંકારમાં વધેલ નથી, જેમાં થોડીક માત્રા માનવતાની છે તો એવા લોકોનો પછી અલ્લાહ તઆલા માર્ગદર્શન કરે છે. જો તેઓ આ માર્ગદર્શનથી લાભ પ્રાપ્ત કરી લેં તો અલ્લાહ તઆલાના ફઝલોના ઉત્તરાધિકારી બની જાય છે.

એવી જ ઘટના સીરિયાના એક વ્યકિત અહેમદ સાહેબની છે. પહેલા તો તે ખુબ વિરોધી હતો પરંતુ પછી વાસ્તવિકતા જાણવા માટે અલ્લાહ તઆલાથી માર્ગદર્શન મેળવવાનો તેને વિચાર આવ્યો. કહે છે કે અહેમદીઓ સાથે મારા સંબંધો હતો, ઉઠક બેઠક હતી, બહાર મળતા અથવા મારા ઘરે મળતા. હું ઘણી બધી વાતો માનતો હતો પરંતુ

મસીહની મૃત્યુ પર આવીને અટકી જતો હતો. તેનું કારણ એ હતું કે હું એક લાંબા સમયથી મસીહને આકાશથી ઉતરવાની પ્રતીક્ષામાં હતો તથા મસીહની સેનામાં સામેલ થઈને બૈતુલ મુકદસને સ્વતંત્ર કરાવાની અભિલાષા મનમાં હતી. મસીહની મૃત્યું વિશે સાંભળીને મારા જેહાદના તમામ સપના ચૂર ચૂર થઈ ગયા. મસીહ આકાશથી ન ઉતરશે તો હું જેહાદ કેવી રીતે કરીશ? કહે છે કે એક દિવસ મારા ઘરમાં એક અહેમદી મિત્ર બેઠા હતા, તેમાં મોઅતઝિલ કઝક સાહેબ પણ હતા. તે દરમ્યાન મસીહની મૃત્યું પર વાત ચીત શરૂ થઈ તો મેં કહ્યું અહેમદીઓને ખુદાનો વાસ્તો આપીને કહું છું કે આજ પછી મસીહની મૃત્યું શીર્ષક પર મારાથી વાત ન કરશો. તો કઝક સાહેબે કહ્યું કે મારો પણ એક નિવેદન છે કે આપ અલ્લાહ તઆલાથી આ વિશે માર્ગદર્શન માટે દુઆ કરો. કહે છે કે તેમની આ વાત મને ખુબ પસંદ આવી અને મેં તે સાંજથી જ અલ્લાહ તઆલાની સમક્ષ સજદામાં રડી રડીને દુઆ શરૂ કરી દીધી. જ્યારે રાત્રે સૂઈ ગયો તો સપનામાં જોયું કે હું કોઈ ઊચા સ્થાન તરફ જઈ રહ્યો છું, રસ્તામાં એક ભૂરભૂરી ધરતીનો એક ટુકડો આવ્યો જેના પર પગ મુકતા જ આભાસ થાય છે કે આ મને એક ગહેરી ખાઈમાં ધકકો આપીને લઈ જઈ રહી છે. આ વ્યાકુળ અવસ્થામાં મને એક વ્યકિત ખભો પકડીને ઊઠાવી લે છે અને કહે છે કે અબુલ હસન, હવે આ સ્થાને કદાપી ન આવશો તથા વિશ્વાસ કરી લો કે ઈસા અ.સ.ની મૃત્યું થઈ ગઈ છે. પછી તેણે કહ્યું કે લો, હવે પોતાના માર્ગ પર ચાલતા રહો. જયારે હું જાગ્યો તો અહેમદી ભાઈને ફોન કરીને કહ્યું કે મારે મોઅતઝિલ કઝક સાહેબ પાસે જવું છે. અમે બંને મોઅતઝિલ સાહેબના ઘરે ગયા તો દાખલ થતા જ દીવાર પર લાગેલ એક ચિત્ર જોઈને હું દંગ રહી ગયો અને પૂછયું કે આ કોનો ચિત્ર છે? તેમણે જણાવ્યું કે આ હઝરત મસીહ મૌઊદ અ.સ.નું ચિત્ર છે. આ સાંભળતા જ મેં કહ્યું કે હું હમણા જ બૈઅત કરવા ચાહું છું કેમકે ઘરમાં લાગેલ ચિત્ર તે જ વ્યકિતનું છે જેણે સપનામાં મને ખભો પકડીને દલદલ જેવી ધરતીથી કાઢીને કહ્યું હતું કે હઝરત ઈસાનું નિધન થઈ ચુકયું છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આજ કાલ અનેક લોકો છે જે એમ ટી એના માધ્યમથી પણ વાસ્તવિક ઈસ્લામનું પરિચય પ્રાપ્ત કરીને અહેમદિયતમાં દાખલ થાય છે. બૈનિનના મુબલ્લીગ સાહેબ લખે છે કે એક ક્ષેત્રના ચીફ જે મુશરીક હતા તેમને તબલીગ કરવામાં આવી તો તે અહેમદી થઈને વાસ્તવિક ઈસ્લામ અનુસાર કામ કરવા લાગ્યા. ટોમના વિસ્તારમાં એક મસ્જીદનું ઉદઘાટન થયું તો તે અવસરે તેમણે જે સંબોધન કર્યુ, તેનો એક ભાગ હું તેમના જ શબ્દોમાં બયાન કરૂ છું. તેઓ કહે છે કે:

મને સમજ નથી પડતી કે ગૈર અહેમદી, અહેમદિયા જમાઅતનો વિરોધ કેમ કરૈ છે. આજે અહેમદિયા જમાઅત જ તો ઈસ્લામનો પૈગામ દુનિયાના કિનારા સુધી પહોચાડી રહી છે. હું એક વર્ષ પહેલા મુશરીક હતો અને મુશરીકોનો રાજા હતો. અહેમદિયા જમાઅતના મુબલ્લીગએ મારી સોચ બદલી નાખી તથા ઈસ્લામનો વાસ્તવિક ચહેરો મને દેખાડયો તો હું ઈસ્લામમાં દાખલ થઈ ગયો. જો અહેમદિયા જમાઅત ઈસાઈઓ તથા મુશરીકોને ઈસ્લામમાં લાવી રહી છે તો તમને તેમાં શું તકલીફ છે. જો મસ્જીદ તમામ લોકો માટે ખુલ્લી છે. અલ્લાહની ઈબાદત માટે એક ઈસાઈ પણ જો આ મસ્જીદમાં આવશે તો તેને રોકવામાં ન આવશે. તમે લોકો વિરોધ છોડો તથા અંદર આવીને જુઓ, અહીયા કેવળ પ્રેમ, શાંતિ તથા સદ ભાવનાની તાલીમ મળશે. અહેમદિયા જમાઅત માત્ર દુનિયાનું ભલું ચાહે છે. તે સાહેબ કહેવા લાગ્યા કે અહીયા મસ્જીદની સાથે એક મકાન બનાવીશ તથા પ્રત્યેક આવનારને જણાવીશ કે અહેમદિયા જમાઅત જ સાચો ઈસ્લામ છે.

હુઝુર અનવર એ ફરમાવ્યું કે એક તરફ તો તે લીડર આલિમ છે જે ઈસ્લામના નામે ઉપદ્રવ પૈદા કરે છે, અહંકારી છે. પોતાના વ્યકિતગત સ્વાર્થોના કારણે મુસલમાનથી મુસલમાનનો ખૂન કરાવી રહ્યા છે બીજી તરફ અલ્લાહ તઆલાને કોઈ મુશરીકની નેકી પસંદ આવે છે અથવા તેના પર પોતાની કૃપા કરે છે તો તેને ઈસ્લામની શિક્ષા અનુસાર કાર્ય કરવાના દાવેદાર માટે વાસ્તવિક ઈસ્લામી શિક્ષણ જણાવવા તથા ફિત્ના વ ફસાદથી બચવાની તાલીમ આપવા માટે ઊભો કરે છે. તો આ છે અલ્લાહ તઆલાનું કામ, જો ઈસ્સાન વિનમ્ર હોય તો તેના પર કૃપા કરે છે પરંતુ જો અહંકારમાં છે તો લાખ નમાઝો પઢી લે દુઆ કરનાર છે પોતાને નેક સમજે હજી છે પણ અલ્લાહ તઆલા તરફથી હિદાયત નથી મળતી.

હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅતમાં જ્યારે લોકો આવે છે અને વાસ્તવિક ઈસ્લામનો સ્વાદ ચાખે છે તો પછી સ્થિતિઓમાં શું બદલાવ આવે છે, આ વિશે આપણા એક મુબલ્લીગ સાહેબ એક ઘટના વર્ણવે છે કે કૈમરૂનની

યાત્રા સમયે એક રિટાયર્ડ ફૌજી બૈઅત કરીને અહેમદિયા જમાઅતમાં સામેલ થયા. તે ફૌજીનો સંબંધ બેમૂન કબીલાથી છે ત્યાના સુલ્તાન પાછલા વર્ષે એમ્બેસી વાર્ષિક સમારોહ યૂ.કે.માં સામેલ થયા. આ વર્ષે જ્યારે કૈમરૂનની યાત્રા થઈ તો તે સાહેબથી ફરીથી મુલાકાત થઈ. તેમણે કહ્યું કે તેઓ મસ્જીદ માટે જમાઅતને એક પ્લોટ આપવા ઈચ્છે છે. હું તથા સદર સાહેબ પ્લોટ જોવા ગયા તો જોયું કે તેમણે પ્લોટમાં એક બેસમૈન્ટ પહેલાથી બનાવી છે, ત્યાં નિર્માણ ચાલું છે. તેમણે જણાવ્યું કે મારા પિતાજી જેમનું અવસાન થઈ ચુકયું છે, તેઓ મારા સપનામાં આવ્યા અને કહ્યું કે તમે આ સ્થાને પોતાનું મકાન નહી બલ્કે મસ્જીદ બનાવો. માટે મેં નિર્ણય કર્યો કે પ્લોટ અને ભવન જમાઅતના નામે કરી દઉ જેથી જમાઅત આ સ્થાને મસ્જીદનું નિર્માણ કરી શકે અને આ ખુબ મોટો પ્લોટ છે, લગભગ એક હઝાર વર્ગ મીટર. તેમણે પ્લોટના દસ્તાવેજ પણ જમાઅતના નામે કરી દીધા છે, ઈન્શા અલ્લાહ મસ્જીદનું નિર્માણ થઈ જશે.

પછી એક ઘટના બયાન કરૂ છું કે કેવી રીતે ઈસ્લામનો દર્દ રાખનાર, દુર રહેનાર વ્યકિત ઓની દુઆઓને અલ્લાહ તઆલાએ સાંભળી તથા ઈસ્લામની વાસ્તવિક તાલીમને ચલાવવા માટે એક મુબલ્લીગને તેમની પાસે મોકયો. આઈવરી કોસ્ટના એક મુબલ્લીગ લખે છે કે આઈવરી કોસ્ટ ઇબંગરો રીજનના એક દુરના ગામ યાઓ કોરોથી સઈદુ સાહેબ બયાન કરે છે કે તેમના ગામમાં ઈસ્લામ તેમના દાદાના માધ્યમથી આવ્યું હતું પરંતુ ધીરે ધીરે લોકો ઈસ્લામથી દુર થઈ ગયા, અને ઈસ્લામનું કેવળ નામ જ રહી ગયું. સઈદુ સાહેબ કહે છે કે હું હંમેશા દુઆ કરતો હતો કે અલ્લાહ તઆલા એવી વ્યવસ્થા કરે કે ગામના લોકો વાસ્તવિક ઈસ્લામની તાલીમ અનુસાર કર્મ કરે. રમઝાનુલ મુબારક ૨૦૧૬ના આરંભમાં આ દુઆ કરતા કરતા મારી આંખોમાં આંસૂ આવી ગયા, ખુબ દર્દ સાથે મેં દુઆ કરી. તેના એક બે દિવસ પછી અહેમદિયા જમાઅતના મુબલ્લીગ અમારા ગામમાં આવ્યા તથા જમાઅતનો પરિચય કરાવ્યો. આ વાત મારા ઈમાનને અત્યાધિક વધારવા વાળી હતી કે અમારા આ ગામમાં પણ કોઈ દાઅી ઇલલ્લાહ આ રીતે ઈસ્લામનો સંદેશો લઈને આવ્યો છે. સિલસિલાના મુબલ્લીગ સાહેબના આ યાત્રામાં આ ગામના ૫૫ લોકોએ બૈઅત કરીને અહેમદિયા જમાઅતમાં સામેલ થયા તથા આ રીતે અહેમદિયા જમાઅતના માધ્યમથી આજે અમે ઈસ્લામની વાસ્તવિક તાલીમ અનુસાર જીવન વ્યતીત કરી રહ્યા છીએ.

હુઝુર અનવરએ ફરમાવ્યું કે થોડોક વિચાર કરો કે એક તરફ તો પ્રગતિશીલ દેશોમાં રહેનાર લોકો છે, ધર્મને ભુલાવીને દુન્યવી સુવિધાઓ માટે વ્યાકુળ છે તથા બીજી તરફ દુર દુર ગામમાં રહેનાર એક વ્યકિત આફ્રિકાના દેશમાં, જેના ગામમાં પાક્કી સડક પણ નથી જતી, જે દુનિયાની સમૃદ્ધિથી પણ વંચિત છે પરંતુ એક તડપ દિલમાં રાખેલ છે, અલ્લાહ તઆલાથી આ દુઆ કરે છે કે ઈસ્લામની તાલીમ અહીયાથી લુપ્ત થઈ રહી છે, કોઈને મોકલ જે અમોને ઈસ્લામની વાસ્તવિક તાલીમ ફરીથી સ્થાપિત કરે અને પછી અલ્લાહ તઆલાના વિધાન અનુસાર મસીહ એ મહમ્મદીનો એક ગુલામ તે વિસ્તારમાં પહોચે છે તથા તેમને ઈસ્લામ વિશે જણાવે છે કેમકે આજે દુનિયાને વાસ્તવિક ઈસ્લામ જો કોઈ સીખવાડી શકે છે તો તે જે હઝરત મસીહ મૌઊદ અ.સ.ને માને છે તથા આપના માધ્યમથી ઈસ્લામની વાસ્તવિકતાને ઓળખી.

આથી આપણે પ્રત્યેકનું આ કામ છે કે દર્દ સાથે ઈસ્લામની વાસ્તવિક તાલીમને દુનિયામાં ફેલાવવા તથા પ્રત્યેક વ્યકિત સુધી પહોચાડવા માટે દુઆઓ પણ કરે તથા પ્રયાસ પણ કરે. આમ તો અનેક વિભાગ છે, કેટલાક સમુદાય છે જે ઈસ્લામના નામે કામ કરે છે. તબ્લીગી જમાઅત પણ છે પણ લગભગ પ્રત્યેક પોતાન વ્યકિતગત સ્વાર્થ પાછળ પડેલ છે. વિરોધમાં એક બીજા પર કાફીરના ફત્વા આપવા પણ તત્પર રહે છે, તેમણે શું ઈસ્લામની સેવા કરવી છે. આ કામ આજે મસીહ મહમ્મદીના ગુલામોનો જ છે કે ઈસ્લામનો પૈગામ પહોચાડે. આપણું કામ તો સ્વયં અલ્લાહ તઆલા આસાન કરે છે, કોઈનો સપના દ્વારા માર્ગદર્શન કરે છે તો કોઈનો અન્ય માધ્યમથી. જો આપણે બૈઅતનો અધિકાર અદા કરવો છે તો હઝરત મસીહ મૌઊદ અ.સ.ના સહાયકમાંથી બનવાનો પ્રયાસ કરવો જોઈએ. આપણે બૈઅત પછી કેવો હોવું જોઈએ. તે વિશે હઝરત મસીહ મૌઊદ અ.સ. ફરમાવે છે કે :

બૈઅત રસ્મી લાભ નથી આપતી, એવી બૈઅતમાં ભાગીદાર હોવું મુશ્કેલ હોય છે. ફરમાવ્યું કે તે સમયે જ ભાગીદાર થશે જ્યારે પોતાના અસ્તિત્વને ત્યાગીને સંપૂર્ણ પ્રેમ તથા શ્રદ્ધાથી તેની સાથે થઈ જાય. મુનાફીક લોકો, આંહઝરત સ.અ.વ. સાથે સાચો સંબંધ ન હોવાના કારણે ઈમાનથી વંચિત રહ્યા. તેમનામાં સાચો પ્રેમ અને શ્રદ્ધા પૈદા ન થઈ માટે જાહેરી લા ઈલાહા ઈલ્લલ્લાહ તેમના કામ ન આવ્યું . આ સંબંધોને વધારવું જરૂરી છે. સંભવ હોય ત્યાં સુધી તે

ઈન્સાન અર્થાત ગુરૂના રંગમાં રંગીન થાય, તરીકાઓમાં તથા આસ્થામાં. જેને માન્યું છે, જેવો તે છે, તેવો જ સ્વયં બનવાનો પ્રયાસ કરો. ફરમાવ્યું કે જીવનનો કોઈ ભરોસો નથી, જલ્દી જ સત્યકર્મ તથા ઈબાદતો તરફ ઝુકવું જોઈએ તથા સવારથી લઈને સાંજ સુધી હિસાબ કરવો જોઈએ કે હું કેવી રીતે જીવન વ્યતીત કરી રહ્યો છું.

અલ્લાહ તઆલા નવા આવનારને પણ ઈમાન અને વિવેકમાં વધારે, આસ્થા તથા કર્મોની દ્રષ્ટિથી તે પ્રગતિ કરનાર થાય. જે ઈમાનનાી ચિંગારી અલ્લાહ તઆલાએ તેમના દિલોમાં લગાવી છે, અહેમદિયત અને વાસ્તવિક ઈસ્લામ કબૂલ કરવા પછી તે આમાં આગળ વધતા જાય. શૈતાન તેમને કદાપી પથભ્રષ્ટ કરનાર ન થાય અને અલ્લાહ તઆલા તેમને મજબૂત સંકલ્પ પણ આપે તથા આપણે જે જુના અને જન્મજાતથી અહેમદી છીએ, આપણને પણ અલ્લાહ તઆલા પોતાના ઈમાનોમાં વધારે તથા પ્રત્યેક સમયે તેમાં પ્રગતિ કરવાનું સામર્થ્ય આપતો રહે. અલ્લાહ તઆલા પોતાના સાથે સંબંધમાં વધવાની અમોને પણ તોફીક આપે. કદાપી કોઈ નવા આવનાર માટે કોઈ ઠોકરનું કારણ ન બને તથા હંમેશા દુનિયાને સીધો માર્ગ દેખાડનાર બનીએ. આ વાત પર ખુશ ન થાય કે અમે જુના અહેમદી છીએ બલ્કે બૈઅતનો હેતુ પુરો કરનાર બનીએ. દુન્યવી સુવિધાઓ આપણો લક્ષ્ય ન હોય બલ્કે અલ્લાહ તઆલાની પ્રસન્નતા હોય અને આપણે જલ્દી જ વાસ્તવિક ઈસ્લામને દુનિયામાં ફૈલાતા જોઈએ જેથી દુનિયાને બતાવી શકીએ કે તમે જેને દુનિયા માટે હાનિકારક સમજો છો તે જ વાસ્તવમાં તમારા માટે તથા વિશ્વ માટે મુકિતનો માર્ગ છે.

******


| Khulasa Khutba Jumma Huzoor Anwar 10 February 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To.............................................................................................<br>.............................................................................................<br>.............................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |